# વિશિષ્ટ બાળકોના આત્મવિશ્વાસ વધારવામાં શિક્ષકની ભૂમિકા

પ્રા. દિલીપભાઇ જે. વસાવા

આ દ્દષ્ટિએ તે વર્ગખંડ મેનેજરનું કાર્ય કરે છે. જેમ મેનેજર કોઇ ઔધોગિક એકમમાં કર્મચારીઓ સાથે હરતાં-ફરતાં નિયંત્રણ રાખે છે તેમ શિક્ષકે પણ વર્ગખંડમાં નિયંત્રણ રાખવું જોઇએ.

**વિશિષ્ટ બાળકોના આત્મવિશ્વાસ વધે એ માટે શિક્ષકને ભૂમિકા**

સમાવિષ્ટ શાળા અને વિશિષ્ટ બાળકોના શિક્ષણ કાર્યનો વિચાર કરીએ ત્યારે તેના શિક્ષક વિશે ખાસ વિચાર કરવો ઘટે. વિશિષ્ટ બાળકો એટલે દિવ્યાંગ બાળકો માનસિક રીતે નબળાં બાળકો, માનસિક રીતે પછાત બાળકો, સમસ્યારૂપ બાળકો, ગુન્હાહિત માનસ ધરાવતાં બાળકો, વગેરે પ્રકારનાં બાળકો, મોટાભાગે સમાજના એમની વયજૂથનાં સભ્યો સાથે અનુકૂલન ના સાધી શકનારા બાળકો. એટલે કે તેઓ ઘણા વર્તનો કરી શકે છે તે તે વર્તનો પોતે નથી કરી શકતા તેથી તેમનામાં હીનભાવ (લઘુતાગ્રંથિ) પેદા થઇ ગયો હોય છે. આ હીનભાવ તેના આત્મવિશ્વાસને હણે છે. તેનો આત્મવિશ્વાસ વધારવા શિક્ષક શું કરી શકે તેની વિચારણા અત્રે કરવાની છે.

સૌ પ્રથમ તો કોઇનો પણ આત્મવિશ્વાસ વધે શી રીતે ? એ પ્રશ્નનો ઉત્તર મેળવવા વિચાર-મનન અને ચિંતન કરવું જોઇએ. ત્યારે આત્મવિશ્વાસ પર અસર કરતાં પરિબળો પણ જાણી લેવા જોઇએ. તે આ મુજબ છે.

૧.જૂથમાં સ્વીકાર
૨.નેતાનો નર્મ-મર્મ વ્યવહાર
૩.કુટુંબનો ટેકો
૪.કાર્ય સ્વતંત્રતા
૫.પડકારજન્ય સ્થિતિ-સંજોગ
૬.હકારાત્મક સુદઢક
૭.કુટુંબનું ભાવાવરણ
૮.શાળા સ્થળનું ભાવાવરણ
૯.ઇચ્છાશક્તિ

આ અને બીજા અન્ય પરિબળો વ્યક્તિના આત્મવિશ્વાસ (સેલ્ફ એસ્ટીમ) પર અસર કરે છે. દરેક પરિબળ કઇ રીતે હકારાત્મક યા નકારાત્મક અસર કરે છે તે જાણીએ.

**૧. જૂથમાં સ્વીકાર**

વિદ્યાર્થી ઘર છોડીને શેરીમાં આવે છે ત્યાં તેને જૂથ મળે છે. મિત્રોનું જૂથ, હવે તે એ જૂથમાં ભળવા જાય છે પરંતુ જો તેનો સ્વીકાર ન કરે અને તેને ભળવા ન દે તો તેનો અહમ્ ઘવાય છે. પરિણામ તે અંતર્મુખ બનીને વિચારે છે કે મારામાં શી ખામી છે કે આ લોકો મને પસંદ કરતા નથી મને દૂર રાખે છે. આ માનસિક તાણ તેના આત્મવિશ્વાસને હણે છે.

એનાથી વિરુદ્ધ જે ઘરમાંથી બહાર આવેલા બાળકોને જૂથ સ્વીકારી લે અને તેને પોતાનો ગણી દરેક ગતિવિધિમાં સાથે રાખે તો તેનો ઉત્સાહ વધે છે. જેકોઇ પણ પ્રકારની માનસિક તાણ નથી અનભવતો. એમાં ય વળી જા તેની પાસે વિશેષ ક્ષમતા હોય તો તે ધીરેધીરે જૂથ નેતા પણ બની જાય છે. આ સ્થિતિ-સંજોગ તેના આત્મવિશ્વાસમા વધારો કરે છે.

માનો કે વિશિષ્ટ બાળક છે તે દિવ્યાંગ છે. દોડી શકતો નથી ત્યારે પેલું જૂથ જો પકડા-પકડી કે થપ્પો જેવી રમત રમતું હોય તો એ બાળકે એક બાજુ બેસી રહેવું પડે છે. ને તેને પોતાની દિવ્યાંગતા ખૂંચે છે, તેનામાં હીનભાવ જાગે છે ને તે લઘુતાગ્રંથિમાં પરિણામે છે.

હવે બાળક શેરી જૂથમાંથી આગળ વધી શાળામાં પ્રવેશ કરે છે વર્ગખંડમાં તો અનેક જૂથો હોય છે. અહીં કેટલાક જૂથો તેનો સ્વીકાર પણ કરે અને કેટલાક અસ્વીકાર પણ કરે. જૂથો જૂથો વચ્ચે ઘણા રાગ-વિરાગ હોય છે. અહીં શિક્ષકની ભૂમિકા મહત્ત્વની બને છે. પ્રથમ તો આગંતૂક બાળકની ક્ષમતા, રુચિ વગેરે જાણી-સમજીને તેને માર્ગદર્શન આપવું જોઇએ. કયા જૂથમાં જોડાવાથી તેની ક્ષમતા વિકસશે. તેનો અંદાજ લગાવીને તેને એ જૂથમાં ભળવા પ્રેરવો જોઇએ... સાથોસાથ અન્ય જૂથો સાથે સંબંધ રાખવા પણ સમજાવવો જોઇએ. વર્ગમાં સૌ સમાન છે, એક છે. કોઇ વિશિષ્ટ નથી-ની ભાવના ખીલવવી જોઇએ. તો વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધી શકે. શિક્ષકની સૂઝબૂઝ તથા વિદ્યાર્થીને ઓળખવાની ક્ષમતા વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધારવામાં ચાવી રૂપ ભૂમિકા ભજવે છે.

**૨. નેતાનો નર્મ-મર્મ વ્યવહાર**

કોઇ પણ કાર્યની સફળતા તેમાં જોડાયેલી ટીમ પર આધારિત હોય છે. પરંતુ ટીમની સફળતા ટીમના નેતા ઉપર આધાર રાખે છે. એટલે કે ટીમનો નેતા કેવો છે ? તેનો ટીમના સભ્યશ્રીઓ સાથે વર્તન વ્યવહાર કેવા છે ? તે મહત્ત્વના છે. તેમના વર્તન વ્યવહાર ટીમના સભ્યશ્રીઓના ઉત્સાહ વધારનાર છે કે તેમનેમનોત્સાહ કરનારા છે તે અગત્યનું છે. ટીમનો નેતા જ કોઇ પણ નવા સાહસ વખતે જો ટીમના સભ્યશ્રીઓના કાર્યને પ્રોત્સાહન આપે તો તેમને આત્મવિશ્વાસ વધે છે. ને આત્મવિશ્વાસ સાથે થયેલું કાર્ય સફળતના વરે છે.

આવું જ કંઇક વર્ગખંડ કે શાળામાં થાય છે. શાળા કે વર્ગખંડ એક પ્રકારનો કાર્ય એકમ છે. તેમાં ટીમ છે વિદ્યાર્થીગણ અને નેતા છે શિક્ષક. કાર્ય છે અધ્યયન અધ્યયનની સફળતાની એક શરત છે. છ્વધાર્થીઓની સહભાગિતા. જો વિદ્યાર્થીઓ અધ્યનનમાં સક્રિય ન બને તો ગમે તેવો ઉત્તમ શિક્ષક પણ તેને ભણાવી ન શકે. સર્વે મર્મ વર્તનવ્યવહાર જરૂરી છે. નર્મ કહેતા નમ્ર. વિદ્યાર્થીઓ સાથે અને તેમાંય વિશિષ્ટ વિદ્યાર્થીઓ (જેમાં ધીમું શીખનાર-સ્લો લર્નર વિદ્યાર્થીઓ પણ હોય શકે) સાથે શિક્ષકનો નમ્રતાભર્યો વર્તન વ્યવહાર અધ્યયનમાં વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ જરૂર વધારશે. મર્મ કહેતા માર્મિક. વિદ્યાર્થીની શક્તિ-મર્યાદા ઓળખવા માર્મિક દષ્ટિકોણની જરૂર છે. જો શિક્ષક વિદ્યાર્થીના મર્મ (હૃદય) સુધી પહોંચે તો જ તે તેને ઓળખી શકે. વિદ્યાર્થીને સારી રીતે ઓળખ્યા પછી જો શિક્ષણ કાર્ય કરવામાં આવે તો વિશિષ્ટ વિદ્યાર્થીનો પણ અધ્યયનમાં આત્મવિશ્વાસ વધી જાય. માટે શિક્ષકનો નર્મ-મર્મ વર્તન વ્યવહાર વિશિષ્ટ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ વધારી શકે છે. તેથી શિક્ષકોએ તમામ અધ્યેતા સાથે નર્મ-મર્મ વ્યવહાર કરવો જોઇએ.

**૩. કુટુંબનો ટેકો**

વિશિષ્ટ બાળકોને કુટુંબમાં બીજા કે ત્રીજા નંબરનું સ્થાન આપવામાં આવતું હોય તો એનો અર્થ એમ થાય કે તેને કુટુંબનો ટેકો નથી. આવા વિશિષ્ટ બાળકોએ જીવનમાં એકલા હાથે ઝઝૂમવાનું હોય છે. અહીં શિક્ષકની ભૂમિકા શરૂ થાય છે. તેણે આવા વિશિષ્ટ અને પાછા કુટુંબમાં તરછોડાયેલાં બાળકોના ઘરની મુલાકાત લઇ, તેના મા-બાપ સાથે સલાહ અને માર્ગદર્શન આપવા જોઇએ. (યાદ કરો 'તારે જમીન પરે' ફિલ્મ) એમ કરી કરી વિશિષ્ટ બાળકનું મહત્ત્વ સમજાવવું જોઇએ અને કુટુંબનો ટેકો અપાવવો જોઇએ. વિશિષ્ટ બાળકોની વિશિષ્ટ જરૂરિયાતો હોય છે. આ જરૂયાતોની પૂર્તિ તેના કુટુંબના ટેકા વગર થઇ શકવાની નથી. માટે શિક્ષકે તે કુટુંબની એકથી વધુ મુલાકાતો લઇ તેના કુટુંબીનોનો બાળકોને ટેકો અપાવવો જોઇએ. વિશિષ્ટ બાળકોનો આત્મવિશ્વાસ વધારવામાં શિક્ષકની આ વિશિષ્ટ ભૂમિકા છે.

**૪. કાર્ય સ્વતંત્રતા**

વિશિષ્ટ બાળકો છે માટે તેની દયા ન ખાવ, તેને પરાવલંબી ન બનાવો. તેને કાર્ય કરવાની પૂરી સ્વતંત્રતા આપો. ભૂલ કરવાનો તેને અધિકાર છે. નિષ્ફળ જવાનો તેનો હક્ક છે. શિક્ષક આ સમજણ સાથે વિશિષ્ટ વિદ્યાર્થીઓને પણ કાર્ય કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપશે. એટલુંજ નહિ કદાચ તે કાર્યમાં નિષ્ફળ જશે તો હિંમત આપશે, હતોત્સાહ નહિ કરે. શિક્ષકની એક માળી જેવી ભૂમિકા હશે. જે માર્ગદર્શન પણ આપશે ને હિંમત પણ આપશે. કાર્ય કરતા કરતાં જ કુશળ થવાય એ શિક્ષક કર્મસૂત્ર હશે ને તેનું વિદ્યાર્થીઓમાં પ્રસારણ કરશે.

**૫. પડકારજનક સ્થિતિ - સંજોગ**

સામાન્ય મનોવિત્રજ્ઞાન કહે છે કે જીવન પણ વ્યક્તિ સમક્ષ પડકારજનક સ્થિતિ ઊભી થાય કે સંજોગ સર્જાય ત્યારે વ્યક્તિ બૌદ્ધિક, શારીરિક, માનસિક અને નૈતિક ક્ષમતાઓનો વિકાસ થાય છે. આ તારણ લક્ષમાં રાખી શિક્ષકની ભૂમિકા નક્કી થાય. આ તારણ મુજબ શિક્ષકે અભ્યાસક્રમમાં વિશિષ્ટ બાળકો માટેની પડકારજનક બાબતો મુદાઓ તારવવા જોઇએ. તથા ઉચ્ચ ભૂમિકા બાંધ્યા પછી વિશિષ્ટ બાળકો સમક્ષ આ પડકારજનક મુદ્દાઓ રજૂ કરવા જોઇએ. તેને હલ કરવાની જવાબદારી વિશિષ્ટ બાળકોને સોંપવી જોઇએ. પછી પોતે નેપથ્ય (પડદા પાછળ) રહી વિશિષ્ટ બાળકોની મથામણનું નિરીક્ષણ કરવું જોઇએ. જરૂર મદદ કરવી જોઇએ, માર્ગદર્શન આપવું જોઇએ. પડકારજનક સ્થિતિ

કે મુદ્દાનો ઉકેલ તેને જાતે જ લેવા દેવો જોઇએ. આમ વર્તવાથી વિશિષ્ટ બાળકોનો આત્મવિશ્વાસ જરૂર વધશે. ટૂંકમાં શિક્ષકની ભૂમિકા વિશિષ્ટ બાળકો સમક્ષ પડકારજનક સ્થિતિ સર્જવાની અને તેને માર્ગદર્શન આપવાની જ રહેશે.

**૬. હકારાત્મક સુદૃઢકો**

માથા પર ટપલી મારો અને પીઠ થાપડો એ બે વચ્ચે જમીન આસમાનનું અંતર છે. હકારાત્મક સુદૃઢકો એટલે પીઠ થાબડવી, કાર્યને અંતે પ્રતિપોષણ આપવું. આત્મવિશ્વાસ વધારવાની કાર્યસીઢીનુંઆ પહેલું પગથિયું છે. શિક્ષકે વર્ગખંડમાં વિશિષ્ટ બાળકોનાં પ્રત્યેક વર્તન-વ્યવહાર પાછળ સુદૃઢક આપવા જોઇએ. એમાં શિક્ષકે લોભી થવાની જરૂર નથી. પરંતુ વર્તન વ્યવહારની ગુણવત્તા ચકાસીને સુદૃઢકો પૂરા પાડવા જોઇએ. જરૂર પડે સુદૃઢકોને બદલે માર્ગદર્શક સુચનો પણ કરવા જોઇએ. શિક્ષકે આ ભૂમિકા સાવધાનીપૂર્વક ભજવવાની છે. આ ભૂમિકા શિક્ષકની સમજણ કક્ષા પર આધારિત છે. વિશિષ્ટ બાળકોનાંકયા વર્તન વ્યવહારને હકારાત્મક સુદૃઢક આપી બિરદાવવા અને કયા વર્તન વ્યવહારને સુધારવા માટે માર્ગદર્શક સૂચના આપવી તેનો નિર્ણય શિક્ષકે જે તે સમયે તત્કાલ કરવાનો હોય છે. માટે શિક્ષકની ભૂમિકા મહત્ત્વની હોવા છતાં સંભાળપૂર્વક ભજવવાની થાય છે.

**૭. કુટુંબનું ભાવાવરણ**

વ્યક્તિના વ્યક્તિના ઘડતરમાં કુટુંબનું મહત્ત્વનો ફાળો આપે છે. ઘણાં જૂનસહિતવૃતિ ધરાવતા બાળકોના વ્યક્તિ થયા છે. તેમાં સ્પષ્ટ તારણ આવેછે કે કૌટુંબિક વાતાવરણ પૂજ્ય તરફ કર્યા છે. આવું જ આત્મવિશ્વાસનું છે. જો કુટુંબનું ભાવાાવરણ હકારાત્મક હોય, સલામતીની ખાતરી આપતું હોય, સ્વતંત્રતા પુરી પાડતું હોય તો વિશિષ્ટ બાળકોના પણ આત્મવિશ્વાસ વધી શકે છે. અહીં શિક્ષકની ભુમિકા મર્યાદિત છે. તેણે વર્ગમાં કે શાળામાં વિશિષ્ટ બાળકના વર્તન વ્યવહારને તેના કુટુંબના ભાવાવારણના સન્દર્ભમાં મૂલવવાનુંહોય છે.

**૮. શાળાનું ભાવાવરણ**

ભાવાવરણ એટલે કે શાળાનું ગ્રંથાલયનું, પ્રયોગશાળાનું કુટુંબનું ભાવાવરણ- મહત્ત્વ તો સૌનું સરખું જ છે. તે વિદ્યાર્થીના આત્મવિશ્વાસ વધારી પણ શકે છે ને વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ તોડી પણ શકે છે. શિક્ષકે કે મુખ્ય શિક્ષકનું કામ છે. શાળાનું ભાવાવરણ હકારાત્મક બનાવે. સૌને સમાન તક, સૌને સન્માન અને સૌને સરખો પ્રેમ એ ભાવાવરણને હકારાત્મક બનાવે છે. તેથી શિક્ષકે આવું ભાવાવરણ સર્જવાની તકેદારી રાખવી જોઇએ.

**૯. ઈચ્છાશક્તિ**

વિલપાવર - ઇચ્છાશક્તિ એ સો રોગની એક દવા છે. ગમતા અને વિશિષ્ટતાની ભંડારની ચાવી છે. 'મન હોય તો માળવે જવાય' આ કહેવત એ જ સૂચવે છે જો વિશિષ્ટ બાળકની ઇચ્છાશક્તિ જ મરી પરવારી હોય તો કોઇ પણ તેનામાં આત્મવિશ્વાસ ન વધારી શકે. પરંતુ શિક્ષક ધારે તો વિશિષ્ટ બાળકની ઇચ્છાશક્તિ જરૂર સારી શકે. બસ શિક્ષકની આ જ ભૂમિકા રહેશે.

**સંદર્ભ**

૧. વાસ્તવ, ડૉ. ડી. એન. વર્મા પ્રિતી (૨૦૧૧). મનો વિજ્ઞાન અને શિક્ષણમાં સાંબિકી- આગરા
૨. અંધારિયા, કેવલ ર. (૨૦૧૭). સમાવેશી શિક્ષણ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ-૬